**વડોદરા શહેરના 'કિશનવાડી પોલીસ સ્ટેશન'નું નામકરણ 'બાપોદ પોલીસ સ્ટેશન' કરવા બાબત**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક: **પસથ/૧૦૨૦૧૦/૧૦૯૨/વ**
સચિવાલય, ગાંધીનગર.
**તારીખ:** 10 MAR 2016

**વંચાણે લીધો:**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૧૦/૩/૧૬નો પત્ર ક્રમાંક: ઇ.૨/૧૫૩૬/રજુઆત/૬૦૫/૨૦૧૬.

**ઠ રા વ:**

વડોદરા શહેરના કિશનવાડી પોલીસ સ્ટેશનનું સ્થળાંતર બાપોદ વિસ્તારમાં નવા બની રહેલ પોલીસ સ્ટેશનના મકાનમાં થનાર હોઇ, કિશનવાડી પોલીસ સ્ટેશન'નું નામકરણ 'બાપોદ પોલીસ સ્ટેશન' કરવા બાબતે સ્થાનિક કક્ષાએથી રાજ્ય સરકાર સમક્ષ થયેલ રજૂઆત અન્વયે વંચાણે લીધેલ ક્રમ(૧)માં દર્શાવેલ પત્રથી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજ્ય દ્વારા રજૂ કરાયેલ અહેવાલ તથા અભિપ્રાય મુજબ જે વિસ્તારમાં પોલીસ સ્ટેશન હોય તેનું નામ તે વિસ્તાર પરથી હોય તો લોકોને પોલીસ સ્ટેશન શોધવામાં સરળતા રહે છે. આથી સામાન્ય જનતાને અગવડ ન પડે તે માટે સક્રિય વિચારણાને અંતે **'કિશનવાડી પોલીસ સ્ટેશન'**નું નામકરણ **'બાપોદ પોલીસ સ્ટેશન'** કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. 'કિશનવાડી પોલીસ સ્ટેશન'નું નામકરણ 'બાપોદ પોલીસ સ્ટેશન' કરવા માટે કરવાની થતી આનુષાંગિક કાર્યવાહી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજય, ગાંધીનગર તથા પોલીસ કમિશ્નરશ્રી, વડોદરા શહેરે હાથ ધરવાની રહેશે.

**(P.T.O.)**

૩.  આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧૦-૩-૨૦૧૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.આર.ભમ્મર)
નાયબ સચિવ,
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા.
- પોલીસ કમિશ્નરશ્રી વડોદરા શહેર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, વડોદરા.
- નાયબ સી.આઇ.ઓ.શ્રી આઇ.ટી.સેલ,ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
    - વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતીસહ.
- સિલેક્ટ ફાઇલ.